**My Campus**

### કેબલ ડ્રિવન લેગ એક્સોસ્કેલેટન રોબોટને લેગ પર પહેરી ટ્રેડમિલ પર પણ ચાલી શકાશે

# મસલ, બોન અને બ્રેઇન રિલેટેડ બીમારીથી પીડાતા લોકો માટે આશીર્વાદરૂપ પુરવાર થશે હ્યુમન રોબોટિક

આઈ.આઈ.ટી. ગાંધીનગરના પ્રોફેસર અને ટીમે કેમ્પસમા હ્યુમન સેન્ટર્ડ રોબોટિક લેબની સ્થાપના કરેલ છે, જે આગામી સમયમાં ન્યુરોલોજિકલ ડિસઓર્ડર ધરાવતા પેશન્ટ માટે આશીર્વાદ રૂપ પુરવાર થશે. સ્ટ્રોક, પાર્કિન્સસ, કે સેરેબેલ પાલ્સીથી પિડાતા લોકો કે જેમના પગ હોવા છતાં તેઓને ચાલવામાં તકલીફ પડતી હોય છે. ઘણાં કિસ્સાઓમાં આવા પેશન્ટ ચાલી પણ નથી શકતા. આવા સંજોગોમાં તેઓ ફિઝિકલ થેરાપિસ્ટની મદદથી પગની મૂવમેન્ટ કરી ચાલતા શીખતા હોય છે. હ્યુમન લાઈફને ઈમ્પ્રૂવ કરવાના હેતુથી લેબમાં ન્યૂરો રિહેબિલિટેશનની સિસ્ટમ વિકસાવી છે. જે નવતર પ્રયોગથી ચાલવાની તકલીફ ધરાવતા લોકોના પગમાં રોબોટિડિવાઈસ ફિટ કરી તેને યોગ્ય ચાલતા કરી દેવાશે.



### રોબોટને પગ સાથે અટેચ કરી ટ્રેડમિલ પર ચાલી શકાશે





### આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે હ્યુમન સેન્ટર્ડ રોબોટિક લેબમાં પ્રોફેસર અને ટીમનું અનોખુ ઇનોવેશન

### એક વર્ષ પછી રોબોટ હ્યુમન લેગ સાથે અટેચ કામ કરી શકશે



છેલ્લાં બે વર્ષથી અમે બ્યુમન રોબોટિક ટેક્નોલોજી ઉપર કામ કરી રહ્યાં છે જેની ફળશ્રુતિ રૂપે અમે હ્યુમન સેન્ટર્ડ રોબોટ બનાવ્યાં છે. હાલ અમે કેબલ ડ્રિવન લેગ એક્સોસ્કેલેટન બન્યું છે જે મસલ, બોન અને બ્રેઇનને લગતી બીમારીઓથી પીડાતા માણસોને ચાલવામાં હેલ્પ કરશે. જેમના પગ હોવા છતાં તેઓ ચાલી નથી શકતા તેઓને આ ડિવાઇસ હેલ્પફુલ થશે. અમારી લેબમાં આનું ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. હ્યુમન રોબોટિક લેગને બનતા હજુ એક વર્ષનો સમય છે ત્યાર બાદ અમે એને ભવિષ્યમાં પેશન્ટ માટે ઉપયોગ કરી શકીશું.

- આસિ. પ્રોફેસર, વિનિત વશિષ્ઠ

### ભવિષ્યમાં આર્મ્ડ રોબોટ પણ બનાવીશું

મસલ્સ ટેક્નોલોજી માટે રોબોટને લેબમાં જ બનાવવામાં આવે છે. બજારમાં મળતા તૈયાર રોબોટને બદલે અમે અહિં બનાવેલા રોબોટ વધુ પ્રિફર કરતાં હોઇએ છીએ. હ્યુમન સેન્ડર્ડ રોબોટિક લેબ કે જ્યાં માત્ર રોબોટ એકલા હાથે કામ નથી કરતું ત્યાં હ્યુમનની સાથે મળીને રોબોટ કામ કરે છે.

ટેસ્ટિંગ પર્પઝથી બનાવવામાં આવેલ રોબોટ એટલે કેબલ ડ્રિવન લેગ એક્સોસ્કેલેટન જેને પહેરી શકાય એવો રોબોટ તેને પગ સાથે અટેચ કરી તેને કમાન્ડ આપવાથી તે યોગ્ય રીતે કામ કરી શકે છે. તેને પહેરી ટેડમિલ પર

**Title:** Human robotics will prove to be a blessing for persons suffering with muscle, bone and brain related illnesses
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:**
http://sandeshepaper.in/edition/54562/ahmedabad/page/17#
http://sandeshepaper.in/m/250247/5c102c4066461
**Date:** 12-12-2018